# વડગામના છાપીમાં અહેમદ પટેલની સભા બાદ સ્થાનિક વ્યક્તિએ સવાલ પૂછતાં હોબાળો

## સ્થાનિક વ્યક્તિએ પૂછ્યું કે તમે લઘુમતિ સમાજ માટે છું કર્યું અને ત્રણ વર્ષ અગાઉ સ્કૂલ માટે કહ્યું હતું એનું શું ?

વડગામ,૧૮

વડગામ તાલુકાના છાપીમાં પાટણ લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર જગદીશ ઠાકોરના સમર્થનમાં અહેમદ પટેલની સભા યોજાઈ હતી. જેમાં ઉમેદવારની જ





ઘેર હાજરી જોવા મળી હતી તો સભા બાદ સ્થાનિક વ્યક્તિએ અહેમદ પટેલને સવાલ પૂછતાં હોબાળો મચ્યો હતો જેને લઈ માહોલ ગરમાયો હતો.

વડગામ તાલુકાના છાપીમાં લોકસભા કોંગ્રેસના ઉમેદવાર જગદીશ ઠાકોરના સમર્થનમાં ગુરુવારે સભા યોજાઈ હતી. જેમાં પોતે ઉમેદવાર જગદીશ ઠાકોર હાજર રહ્યા નહોતા. અહેમદ પટેલે ભાજપ પક્ષ અને પ્રધાનમંત્રી પર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે છેલ્લા ૫ વર્ષમાં દેશને બરબાદ કરી દીધો છે, લોકસભાનું રિજલ્ટ આવશે એટલે નરેન્દ્ર મોદીના નામ આગળ માજી વડાપ્રધાન હશે, જે કર્મચારીઓ તેમની ચાપુલીસ કરી રહ્યા છે તેમને કહેવા માગું છું કે ગઈકાલ કોઈની હતી તો આજ કોઈની હશે. ૫ વર્ષ સુધી કોંગ્રેસીઓ હેરાન કરે તે તો સમજી શકાય પણ તમે તો દેશના કિસાન અને સામાન્ય લોકોને હેરાન કર્યા છે, ખોટા પોલીસ કેસ કરવા કરોડો લોકો બેરોજગાર છે અને તેમને કહેવાય છે કે પકોડાની દુકાન ખોલો.

કોંગ્રેસે ૨૪ લાખ રોજગારીની વાત કરી છે, અમારો મેનિફેસ્ટો લોકો માટેનું છે એમના મેનિફેસ્ટોમાં એકલા ભાઈ નરેન્દ્ર મોદી જ છે, ભાજપની સરકારમાં ગરીબ દલિત માણસો ઉપર અત્યાચાર થાય છે, અમિતશાહ



ગાંધીનગરમાં ચૂંટણી લડે છે તેમને પસીનો આવી ગયો છે તે કહે છે કે કોંગ્રેસ પાકિસ્તાન સાથે ઈલું ઈલું કરે છે તો શું તમે પીલું પીલું કરો છો, મનમોહનસિંહ ક્યારેય પાકિસ્તાન નથી ગયા પણ તમે તો ત્યાં જઈને બીરિયાની ખાઈ આવ્યા, પેલો ઈમરાનખાન હમણાં તેમની સાથે ઈલું ઈલું કરે છે, નોટબંધી કરી ઈન્દિરા ગાંધીની જવાહરલાલ નહેરુની નકલ કરવી હતી અરે ભાઈ ઈન્દીરા ગાંધી અને નહેરુ જ્યારે ટોચ ઉપર હતા ત્યારે તમારા મોઢામાં દૂધ ગંધાતુ હતું, નરેન્દ્રભાઈ કહે છે કે મારી સામે જાતિ વાચક શબ્દોનો ઉપયોગ થાય છે પણ તમે સોનિયા ગાંધી રાહુલ ગાંધી અને રાજીવ ગાંધી સામે ફૂલ વેરો છો. નોટબંધીમાં દુનિયામાં ક્યાંય નહીં થયો હોય તેવો ભ્રષ્ટાચાર થયો છે, કોંગ્રેસવાળાઓના ત્યાં રેડ કરે છે મારી સાથે આવો તો હું તમને કહું ક્યાં ક્યાં પૈસા છે અને કોના કોના છે, ૫ લાખ રૂપિયા ઉદ્યોગપતિઓના માફ કરી દીધા અને ખેડૂતોના દેવા માફ કરતા પેટમાં દુખે છે.

કોઈક વાર ચોકીદાર કોઈક વાર ફકીર અને કોઈક વાર સેવક પણ આતો ચોકીદાર શ્રીમંતો અને ઉદ્યોગપતિઓનો છે, મેરે દેશ કે કુછ ચોર ઈતને સાતીર હે જો સારે કે સારે ચોકીદાર બનકે બેઠે હે શુ કામ ચોકીદારોને બદનામ કરવા બેઠા છો જ્યારે પુલવામાં હુમલો થયો ત્યારે વડાપ્રધાન જંગલમાં ફોટો પડાવતા હતા, જ્યારે ચૂંટણી આવે છે ત્યારે જ સરહદ પર તણાવ થાય છે પ્રહારો કર્યા હતા.

કોંગ્રેસ કાર્યકરો જણાવ્યું આ વખતે ૧૫૦થી વધારે કરશે અને જો ગડબડ કરશે તો ૩૨૫ સીટો આવશે એટલે આપણે કાળજી લેવાની જરૂર છે. સભા પૂરી થયા બાદ અહેમદ પટેલ નીકળી રહ્યા હતા ત્યારે સ્થાનિક વ્યકિત ઈલિયાસ ભાઈ અલ્લાઉદ્દીનને અહેમદ પટેલને સવાલ કર્યો હતો કે તમે અમારા મુસ્લિમો માટે શું કર્યું તેમ પૂછતાં હોબાળો મચી જવા પામ્યો હતો અને અહેમદ પટેલ કોઈ સંતોષકારક જવાબ આપ્યા વગર રવાના થયા હતા. હોબાળાના કારણે સભા પુરી કરાઈ હતી. અને અને સમગ્ર કાર્યક્રમનો અંતે ફિયાસ્કો થવા પામ્યો હતો.

# પાલનપુરમાં કાર્બાઈટથી પકવેલી કેરીઓનું ધુમ વેચાણ, લોકોના આરોગ્ય સાથે ચેડા

પાલનપુર, તા. ૧૮

પાલનપુરમાં કેરીના હોલસેલ વેપારીઓ દ્વારા કેરીને કાર્બાઈટથી પકવી છુટક વેપારીઓ મારફત માર્કેટમાં વેપાર અર્થે મુકી લોકોના આરોગ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. તેમજ કેરી પાકી ગયા બાદ તેના પાવડરના પડીકાઓ જાહેરમાં ફેકવામાં આવી રહ્યા છે. તો તંત્ર દ્વારા આ દિશામાં તપાસ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.


ઉનાળાની સિજન ચાલી રહી છે. પરંતુ હજુ સુધી માર્કેટમાં યોગ્ય પ્રકારની કેરીઓ આવી નથી. પરંતુ કેરીના મોટા વેપારીઓને કેરીઓનો સારો ભાવ મળી રહે તે માટે વેપારીઓ દ્વારા સિજન પહેલા ગોડાઉનોમાં કાર્બાઈટથી કેરીઓને પકવવામાં આવે છે અને છુટક વેપારીઓ મારફત માર્કેટમાં વેપાર કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે તેમજ કેરી પકવાયા બાદ કાર્બાઈટનો પવડર જાહેર રોડ તેમજ ખુલ્લી જગ્યામાં ફેકવામાં આવી રહ્યા છે. જેના કારણે પશુઓ કાગળ સમજી આ પકેટો આરોગી જાય છે. જેના કારણે પશુઓ પણ બિમારીનો ભોગ બની શકે છે. તો તંત્ર દ્વારા આ દિસામાં તપાસ કરી કાર્બાઈટથી કેરી પકવાતા વેપારીઓ સામે લાલ આંખ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

### બાયડમાં નવજોત સિંધુની જાહેર સભામાં

# ભાજપમાં ભડકો, ૨૫ કાર્યકરોએ કેસરિયો છોડી કોંગ્રેસનો હાથ પકડ્યો

બાયડ, તા. ૧૮

સાબરકાંઠા લોકસભા બેઠક પર વિજય પ્રાપ્ત કરવા ભાજપ-કોંગ્રેસના સ્ટાર પ્રચારકો ચૂંટણીના અંતિમ દિવસોમાં સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં જાહેરસભા સંબોધવા પહોંચી રહ્યા છે. બુધવારે હિંમતનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર



મોદીએ સભાને સંબોધી હતી, બીજી બાજુ પૂર્વ ક્રિકેટર અને કોંગ્રેસના સ્ટાર પ્રચારક નવજોત સિંધુએ બાયડમાં જાહેરસભા સંબોધી ભાજપ અને નરેન્દ્ર મોદી પર આગવી શૈલીમાં પ્રહારો કર્યા હતા. મોદીસે સાચા બોલવાના અસંભવ હૈ ઔર ઝહીર સે ભી તેજ ફેંકતે હૈ કહી ઠોકો તાલિ કહી આક્રમક : શરૂઆત કરી હતી.

ભાજપના ૨૫થી વધુ કાર્યકરો કેસરિયો ખેસ છોડી કોંગ્રેસનો પંજો પકડાતા સાબરકાંઠા લોકસભા બેઠક ચૂંટણી પૂર્વે કોંગ્રેસે બીજેપી ગઢમાં ગાબડું પાડવામાં સફળ રહેતા જીલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. ૨૦૧૪માં મનમોહનસિંહ અને સોનિયા ગાંધીને આડે હાથે લેનાર સિંધુએ ૨૦૧૯માં નરેન્દ્ર મોદીને આડે હાથે લીધા હતા. ૨૦૨૪માં કોના માટે ઠોકો તાલિ બોલાવશે..? તેવી પણ ચર્ચાએ જોર પકડ્યું હતું.

બાયડની જનમેદનીને સંબોધતા પૂર્વ ક્રિકેટર નવજોત સિંધુએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપની ઝાટકણી કાઢી હતી. ગુજરાતી ધરતી પર મહાત્મા ગાંધીનો જન્મ થયો સત્યની સ્થાપના થઈ પરંતુ દુર્ભાગ્યપૂર્ણ આ ધરતીએ હિન્દુસ્તાનના સૌથી જુઠ્ઠા પ્રધાનમંત્રી પેદા કર્યા હવે આપકો કોઈ બોલે ''અબકી બાર મોદી સરકાર તો બોલના કી અબકી બાર બસ કર યાર'' ચીન સમુદ્રની નીચે રેલવે લાઈન નાખી રહ્યું છે, અમેરિકા મંગળ પર જીવનની શોધ કરી રહ્યું છે ત્યારે ભારત ચોકીદાર બનાવી રહ્યો છે એ પણ ચોર.

નરેન્દ્ર મોદીના મૈં ભી ચોકીદાર કેમપેઈનને નિશાને લેતા જણાવ્યું હતું કે મૈં ભી ચોકીદાર મૈં ભી ચોકીદાર અંધોકે બજાર મૈં અંધોકે ખરીદદાર હૈ ઔર શહેર કે સારે ચોર ભી કહે રહે હૈ મૈં ભી ચોકીદાર કહી ઠેકડી ઉડાડી હતી.

સરકારી અને અર્ધ સરકારી કંપનીઓ બંધ કરવાની તૈયારીઓ હાથ ધરાવાની સાથે ખાનગી કંપનીઓને ભાજપ સરકાર કામ કરી રહી હોવાનું જણાવ્યું હતું.





## મોયદ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મોયદ સહિતના આજુબાજુના વિસ્તારોમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સેલ્ફી પોઝ, સંકલ્પ પત્ર, સહિ ઝુંબેશ અને મતદાન જાગૃતિ અંગેની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આગામી લોકસભાની ચૂંટણીમાં મતદારો દ્વારા વધુમાં વધુ મતદાન થાય તે હેતુથી મોયદ વિસ્તારના ગામોમાં તાલુકાના વહીવટીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ અન્વયે સેલ્ફી પોઝ, સંકલ્પ પત્ર, સહી ઝુંબેશ અને પત્રિકા વિતરણ દ્વારા મતદારોને જાગૃત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોયદ વિસ્તારના પ્રાથમિક શિક્ષકો અને તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ટી.કે. વાઘેલા હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ પ્રાંતિજ તલોદના પ્રાંત અધિકારી સોનલબા પઢેરીયા અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાઅધિકારી નીતાબેન ગઢવીના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું.

## પ્રાંતિજ ખાતે વૃધ્ધાએ ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

પ્રાંતિજ બજાર ચોક વિસ્તારમાં આવેલ દલિજ મહોલ્લામાં રહેતાં રસીકલાલ દરજી કે જેવો પોગલુ ખાતે આવેલ હાઈસ્કુલમાં કલાંક તરીકે નોકરી કરતાં હતાં અને તેવો વય મર્યાદાને લઈને નિવૃત્ત થતાં તેવો તેમના ધર્મ પત્ની સાથે રહેતા હતા અને તેવોને બે પુત્રો છે જેમાં એક પુત્ર અમદાવાદ ખાતે અને બીજો પુત્ર તેમના મકાનના ઉપરના માળે અલગ રહે છે. કપીલાબેન રસીકલાલ દરજી ઉ.વર્ષ-૬૭ કે જેવો પોતાના પતિ સાથે રહેતા હતા અને આજે સવારે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરની અંદર ગળાફાંસો ખાઈને જીવનો અંત આણ્યો હતો. તેમના પતિ રસિકલાલ દરજી દ્વારા આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને કરતાં પ્રાંતિજ પોલીસ બીટ જમાદાર હરીચંદ્ર તથા પોલીસ કોન્સ્ટેબલ વસંતભાઈ સહિત ઘટના સ્થળે આવી તપાસ હાથ ધરી હતી.

# સાબરકાંઠા લોકસભા બેઠકના ઉમેદવારોએ રૂપિયાની પોટલીયો ખુલ્લી ન મુકતા કાર્યકરોમાં અકળામણ

લોકસભાની ચૂંટણીઓના ઢોલ ઢબૂકતાં રાજકીય ક્ષેત્રે જોતરાયેલા સેંકડો-હજ્જારો કાર્યકરો અને આગેવાનો મંદીના માહોલમાં તેજીના જોવામાં આવેલા સ્વપનો હાલના તબક્કે ચકનાચૂર થતા જોવા મળી રહ્યા છે. ચૂંટણી પ્રચારને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે રાજકીય પક્ષ કે અપક્ષના ઉમેદવારોએ નાણાંનો પટારો ન ખોલતા કાર્યકરોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. રાજકીય પક્ષોના કેટલાક ગણ્યા ગાંઠ્યા કાર્યકરો સ્વ ખર્ચે ચૂંટણીમાં પ્રચારમાં વ્યસ્ત બન્યા છે.



સાબરકાંઠા લોકસભા બેઠકમાં મતદાનને આડે ફક્ત ૪ દિવસ બાકી હોવા છતાં ચૂંટણીનો માહોલ જામતો નથી મતદારોનું સૂચક મૌન ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો માટે અકળાવનારું બન્યું છે. ભાજપના ઉમેદવારના પ્રચાર અર્થે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હિંમતનગરમાં જંગી સભા સંબોધી અને અન્ય નેતાઓ પણ સભાઓ સંબોધી રહ્યા છે. બીજીબાજુ કોંગ્રેસે સ્ટાર પ્રચારક નવજોત સિંધુને મેદાનમાં ઉતારવાની સાથે આજે અહેમદ પટેલ વિજયનગરમાં મતદારોને રીઝવવા સભાને સંબોધવાના છે અને સાબરકાંઠા બેઠક પ્રાપ્ત કરવા કોંગ્રેસના અધ્યક્ષ ૨૦ એપ્રિલે રાજેન્દ્ર નગર ચોકડી જાહેર સભાને સંબોધન કરવાના છે તેમ છતાં ચૂંટણીનો ગરમાવો જોવા મળતો નથી.

સાબરકાંઠા લોકસભા ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ ખેલાઈ રહ્યો છે. ભાજપમાંથી સંસદ દીપસિંહ રાઠોડ સામે કોંગ્રેસના મોડાસા વિધાનસભા સીટ પરથી બે ટર્મથી ચૂંટાતા રાજેન્દ્રસિંહ ઠાકોર સીધી ટક્કર આપી રહ્યા છે. લોકસભા ચૂંટણી સમયે જોવા મળતો રાજકીય માહોલ ૨૦૧૯ સંસદની સાબરકાંઠામાં અદ્રશ્ય થયેલો જોવા મળે છે તેની પાછળ લોકસભાની ચૂંટણીમાં મહાસંગ્રામમમાં મેદાનમાં ઉતારેલા યોદ્ધાઓની કંજુસાઈ કારણભૂત હોવાની ચર્ચા રાજકીય ક્ષેત્રે જોરશોરથી ચાલી રહી છે.

લોકસભાની ચૂંટણીમાં મોટાપાયે રૂપિયાની રેલમછેલ થતી હોવાના ભૂતકાળના કિસ્સાઓના પગલે આ વખતે પણ સાબરકાંઠા લોકસભા બેઠક પર ખરાખરીનો જંગ હોવાથી ઉમેદવાર સાંસદ બનવા પ્રચારની સાથે કાર્યકરો અને આગેવાનો પાછળ લાખ્ખો રૂપિયાનો ધુમાડો કરશે તેવી આશા લઈને બેઠેલા અનેક લોકોના ગણિત ખોટા સાબિત થઈ રહ્યા છે. જેના ભાગરૂપે કોઈપણ પક્ષનો માહોલ બનતો દેખાતો ન હોવાની ચર્ચા પણ કાર્યકરોમાં થઈ રહી છે.

સાબરકાંઠા લોકસભા બેઠક પર છેલ્લે કતલની રાતમાં રમતો ખેલ અને રૂપિયાની માયાજાળ અને મતદારોને રીઝવવા થતા મરણિયા પ્રયાસમાં જે પક્ષનો ઉમેદવાર આગળ નીકળશે તેવું વિશ્લેષકો માની રહ્યા છે.

## વી. એસ. શાહ પ્રાથમિક શાળાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

મોડાસા, તા. ૧૮

મોડાસા શહેરમાં છેલ્લા છ દાયકાથી શૈક્ષણિક સેવા આપતી શ્રી વી એસ પ્રા શાળાના આઠના વિદ્યાર્થીઓનું શિક્ષણ વિદોની હાજરીમાં વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં બાલમંદિરથી ધોરણ આઠ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વિદાય સમારંભમાં વિદ્યાર્થીઓ દ્વારા શાળા બદલવાના દુઃખ સાથે પોતાના પ્રતિભાવો રજુ કરવામાં આવ્યા હતા. ધોરણના વિદ્યાર્થીઓ દ્વારા બંને સ્કૂલને યાદગીરીરૂપે ભેટ આપી હતી.

# અરવલ્લી જિલ્લામાં બી. એસ. એન. એલ.ની 4G સેવાનો પ્રારંભ

મોડાસા, તા. ૧૮

ભારત સંચાર નિગમ હિંમતનગરના પ્રધાન મહાપ્રબંધક શ્રવણકુમારે મુખ્યમથક મોડાસા શહેર ખાતે મીડિયા સમક્ષ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે અરવલ્લી જીલ્લાના મોડાસા, માલપુર,






ગુરુવારે અરવલ્લી જીલ્લાના મેઘરજ અને બાયડના ટેલિકોમ ગ્રાહકોને આધુનિક મોબાઈલ ટેકનોલોજી મળે એ માટે બીએસએનએલ દ્વારા તાત્કાલીક નિર્ણય લઈ ૪૫ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શ્રવણ કુમારે ગુજરાત સર્કલ પ્રધાન મહાપ્રબંધક હેમંત પાંડે સાથે વિડિઓ કોલિંગ કરી ફોરજી સેવાનો પ્રારંભ કર્યો હતો. આ કાર્યક્રમમાં સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના અધિકારીઓ, કર્મચારીઓ અને ગ્રાહકો ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જીલ્લાની બીએસએનએલ કચેરીમાંથી વિના મુલ્યે ફોરજી કાર્ડ બદલી આપવામાં આવશે અને ટૂંક સમયમાં જીલ્લાના અન્ય શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા પ્રજાજનો માટે પણ ઝડપથી ફોરજી સેવાથી આવરી લેવામાં આવશે.

# ભિલોડા કોટેજ હોસ્પિટલમાં તબીબો 'નિયમિત' રીતે 'અનિયમિત'

રાજ્ય સરકાર દ્વારા છેવાડા અને ગરીબ પ્રજાજનોને સરકારી સારવાર અને ગ્રામ્ય વિસ્તારોમાં





આરોગ્યલક્ષી સેવાઓ પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ હોવાની મોટા પાયે જાહેરાત જોરશોરથી કરવામાં આવી રહી છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથકે બનાવેલી સરકારી કોટેજ હોસ્પિટલમાં તબીબો સમયસર હાજર રહેતા ન હોવાથી ગરીબ દર્દીઓની હાલત દયનિય બની છે.

ભિલોડા તાલુકામાં મુખ્યત્વે આદિવાસી વસ્તી અને ગરીબ પ્રજાજનો વસવાટ કરી રહ્યા છે. ગરીબ દર્દીઓને સારવાર માટે એકમાત્ર આશીર્વાદરૂપ ભિલોડા કોટેજ હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબો સમયસર હાજર રહેતા ન હોવાથી દર્દીઓને સમયસર સારવાર ન મળતા ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કોટેજ હોસ્પિટલમાં સારવાર અર્થે પહોંચતા દર્દીઓ લેટ લતીફ તબીબોના પગલે ન છૂટકે ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવા મજબુર બનવું પડે છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલી હોસ્પિટલ અને લાખ્ખો રૂપિયાનો પગાર મેળવતા તબીબો તાલુકાની આદિવાસી અને ગરીબ દર્દીઓ માટે સફેદ હાથી સાબિત થઈ રહ્યા છે. ભિલોડા કોટેજ હોસ્પિટલમાં સારવાર લેવા જતા દર્દીઓ તબીબોના અનિયમિત સમયથી ચાતક નજરે રાહ જોઈ રહેવા મજબુર બનવું પડતા ભિલોડા પંથકમાં લેટ લતીફ તબીબો સામે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે.

# પ્રાંતિજ ખાતે કોંગ્રેસનું વિજય વિશ્વાસ સંમેલન યોજાયું

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોંગ્રેસનું વિજય વિશ્વાસ સંમેલન યોજાયું જેમાં કોંગ્રેસ કાર્યકરો આગેવાનો સહિત





લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તો ભાજપના ૩૦ કાર્યકરો ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાયા હતા.

પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન ખાતે આવેલ શ્રી દશા શ્રીમાળી વાડી ખાતે કોંગ્રેસનું વિજય વિશ્વાસ સંમેલન યોજાયું હતું. જેમાં કોંગ્રેસના ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા, સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના લોકસભાના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ઠાકોર, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, ભિલોડાના ધારાસભ્ય અનિલભાઈ જોષીયારા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મણીભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત, પ્રાંતિજ તાલુકા પ્રમુખ બેચરસિંહ રાઠોડ, પ્રાંતિજ નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા દિપ્તીબેન બ્રહ્મભટ્ટ, રેખાબેન સોલંકી, નીરૂબેન પટેલ સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત કોંગ્રેસ આગેવાનોએ ભાજપ ઉપર શબ્દોના બાણનો વરસાદ કર્યા હતો.

ભાજપ સરકાર એ જુઠાની સરકાર છે અને બોલ્યા પછી કશું ના કરતી હોવાના આક્ષેપ કર્યા હતા તો ઉપસ્થિત કોંગ્રેસ ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે આ સરકાર ખેડૂતો માટે કોઈ યોજના લાવી નથી અને તમને શું લાગે છે કે પ્રજા ફરી આ સરકારને બેસવા દે શે કે ઘરનો રસ્તો બતાવશે. વિદેશની બેંકમાંથી કાળા નાણાં પાછા લાવવાની વાત માત્ર વાત જ રહી. મોંઘવારી કૂદકે ને ભૂસકે વધી છે. કોંગ્રેસની સરકારમાં ૩૫૦માં મળતી ગેસની બોટલ આજે ભાજપની સરકારમાં ૯૫૦માં મળે છે અને જોરથી બોલે છે તો હવે તે સમય પાકી ગયો છે અને આપણા લોકસભાના સાબરકાંઠા-અરવલ્લીના ઉમેદવાર રાજુભાઈને મત આપી કોંગ્રેસને મત આપી તેઓને જીતાડવા આપણે બધા એક થઈ કોંગ્રેસ તરફી મતદાન કરાવવું અને કરવું અને રાહુલ ગાંધીના નેતૃત્વમાં સરકાર બનશે તો ભાજપના ૩૦ કાર્યકરો કમળ છોડી પજાનો હાથ પકડયો હતો અને ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિતભાઈની ઉપસ્થિતમાં કેસરીયો ખેસ છોડીને કોગ્રેસનો ખેસ ધારણ ક્યો હતો.